# મનપાની સામાન્ય સભામાં અનિર્ણાયકતા અને અનિયમિતતાઓ છવાઈ





ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં નબળા નેતૃત્વને સત્તાધારી પક્ષના આંતરકલહને કારણે અજ્ઞાનતા, અનિર્ણાયકતા અને અનિયમિતતાઓ છતી થવા પામી હતી.

આજની સામાન્ય સભા નવનિયુક્ત મેયર રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. પ્લાસ્ટીક બાયલોઝ અંગેના એજન્ડા પર ચર્ચાની શરૂઆત પહેલાં જ વિપક્ષે હુમલો બોલ્યો હતો. એજન્ડાની કોઈ વિગત વિપક્ષના નેતાને મળી નથી એટલુ જ નહિ જે બાયલોઝની મંજૂરી આપવાની છે તેની કોઈ કોપી કોઈ સભ્યને મળી નથી.

મેયર શ્રીમતિ રીટાબેન પટેલે વિપક્ષના આ હુમલાને ખારવા શું કરવુ તેની વિમાસણમાં દેખાઈ આવ્યા હતા. આ પછી ભાજપના સિનીયર સભ્ય કાર્તિક પટેલ મેયરના બચાવમાં આવ્યા હતા અને તેમણે સભ્યોને બાયલોઝ મોકલી અપાશે અને જનતા પાસેથી સૂચનો મેળવવાની પણ એક સાથે કામગીરી હાથ ધરી ૩૦ દિવસ સુધી આ એજન્ડા મુલ્તવી રાખવાનો સુઝાવ આપ્યો હતો.

અન્ય સભ્ય ધીરૂભાઈ ડોડિયાએ પણ એવી રજુઆત કરી હતી કે અગાઉ ઘણી બધી બાબતોમાં તમને નકલો આપી છે પણ તમે ક્યારેય ચર્ચા કરી નથી કે વિરોધ નથી કર્યો. ભરતી-નિમણુંકના બાયલોઝનો તમે અભ્યાસ કર્યો ન હતો છતાં મંજૂરી આપી જ હતી એ વાત ભૂલવી ના જોઈએ. રાજ્યના હિતમાં આને મંજૂરી આપી દેવી જોઈએ.

મેયર રીટાબેન પટેલે આ પછી એજન્ડા પરનું આ કામ મુલ્તવી રાખવાની જાહેરાત કરી દીધી હતી. ત્યારબાદ તેમણે મનપાના સભ્યો તરફથી મળેલ વિવિધ દરખાસ્તો પરની ચર્ચા હાથ ધરવામાં આવે છે તેવી જાહેરાત કરી હતી.



આ વખતે પણ વિપક્ષના નેતાના સામે તેમની દરખાસ્ત પર રજુઆત કરવા કહેતા વિપક્ષી નેતાએ જણાવ્યુ કે મારે દુઃખ સાથે કહેવુ પડે છે કે આપના કાર્યાલય કે સચિવના કાર્યાલય તરફથી દરખાસ્ત દાખલ કરવામાં આવે છે તેની મને જાણ નથી થઈ. વાંધો નહિ દુઃખ છે પણ અમે ચર્ચા માટે તૈયાર છીએ.

આ ગંભીર આક્ષેપ પછી તેમણે મનપાના સચિવના રાજીનામાનો મુદ્દો ઉઠાવતાં જણાવ્યુ હતુ કે સચિવના રાજીનામાની સત્તા માત્ર ને માત્ર સામાન્ય સભા છે તો કમિશ્નરે કેવી રીતે તે મંજૂર કર્યુ. રાજીનામુ સ્વેચ્છાએ નથી આપ્યુ પણ લઈ લેવામાં આવ્યુ છે ચોથા માળે બેસતા ચૂંટાયેલા સભ્યોના અધિકારો અને હક્ક પર આ તરાપ છે આવો કોઈ નિર્ણય લેવાના અધિકાર કમિશ્નરને છે નહિ જેવા આક્ષેપોનો મારો બિહોલાએ ચલાવ્યો હતો.

આ પછી મેયર રીટાબેન પટેલે સ્પષ્ટતા કરી હતી કે ભૂતકાળમાં એસ.એમ. ચૌધરી અને વિજયસિંહ સાથે તમે આવો વ્યવહાર કર્યો હતો એ કેમ ભુલી ગયા ?

આ પછી વિપક્ષી નેતાએ જણાવ્યુ હતુ કે તમે જો જે તે વખતની કાર્યવાહી નોંધ વાંચી હોત તો આ વાત ન કરત પણ તમે અમારી વાતોનો જવાબ આપો. તમારી મનમાની નહિ ચાલે કમિશ્નર સ્પષ્ટતા કરે.

મ્યુનિ. કમિશ્નરે દરમ્યાનગીરી કરતાં કહ્યુ હતુ કે મેયર અને સ્થાયી સમિતિ અસ્તીત્વમાં ન હોવાથી મેં રાજીનામુ મંજૂર કર્યુ છે.

જો કે આ વાત સભ્યોને ગળે ઉતરી ન હતી. તેમણે તેમની વાત પકડી રાખી હતી. પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે બચાવમાં આવી કહ્યુ હતુ કે સ્વેચ્છાએ રાજીનામુ આપ્યુ છે અને મંજૂરી કોને આપી એ કોઈ મુદ્દો નથી તમે સ્ટેન્ડીંગ સમક્ષ મોકલી આપજો પછી સામાન્ય સભામાં રજુ કરજો મતોની બહુમતિથી મંજૂર કરી દઈશુ.

મેયર રીટાબેન પટેલે પણ આવી જ વાત કરી કે સ્ટેન્ડીંગમાં આ રાજીનામુ જશે અને પછી નવી સામાન્ય સભામાં મંજૂરી માટે લાવીશુ. હવે શાંતિ રાખો તમારો મુદ્દો પતી ગયો છે. જોકે વિપક્ષ સહમત ન થયો અને તેણે માંગ કરી કે એવુ હોય તો દરખાસ્ત પર મતદાન કરો આ અમારી માંગણી છે કે જોશીને સચિવ તરીકે પુનઃ પ્રસ્થાપિત કરો તે વાત સ્વીકારી લો.

● અનુસંધાન પાન-૭ પર

## સુરત હોનારતમાં જાન ગુમાવનાર બાળકોને શ્રદ્ધાંજલિ અપાઈ

ગાંધીનગર, તા. ૧૭

આજની સામાન્ય સભાના આરંભે સુરત તક્ષશિલા આર્કેડમાં થયેલ અગ્નિકાંડમાં માર્યા ગયેલા બાળકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પછી એજન્ડા પરની કાર્યવાહી હાથ ધરતાં ગત સામાન્ય સભાની બેઠકના પ્રોસીડીંગને મંજૂરી આપવાનો મુદ્દો રજુ થયો ત્યારે કઈ બેઠક એવો વિપક્ષે સવાલ કર્યો હતો. આ અંગે મેયર રીટાબેન પટેલે જણાવ્યુ હતુ કે બજેટ બેઠકની કાર્યવાહી નોંધને મંજૂરી આપવાનો મુદ્દો છે. ત્યારે વિપક્ષે હા માં હા ભણતાં કહ્યુ કે મેયરની ચૂંટણીનો મુદ્દો નથી અમે તમને મેયર તરીકે હજુ સ્વીકાર્યા નથી તમે તો કેવી રીતે બેસી ગયા છો એ તમે જાણો જ છો ?

આજની આ બેઠકમાં વિપક્ષ એક રીતે સત્તાધારી પક્ષને ભીંસમાં લેવામાં સફળ રહ્યુ હતુ. વિપક્ષના બિહોલા, જીતુ રાયકા, ચીમન વિંઝુડા સહિતના સભ્યોએ જોરદાર આક્રમકતા દાખવી હતી જ્યારે સામે પક્ષે મેયર એકલા પડી ગયાનો અનુભવ થતો જોવા મળ્યો હતો.

## આઓ, મિલકર એક પ્રયાસ કરે : રીટાબેન પટેલ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મનપાની આજે મળેલ સામાન્ય સભાને પ્રથમ વખત સંબોધતા મેયર રીટાબેન પટેલે કહ્યુ કે ગાંધીનગરને ગ્રીનસીટી બનાવવા માટે આપણે સૌ સહિયારો પુરૂષાર્થ કરીએ એટલુ જ નહિ નગરમાં સામાજિક સમરસતા જાળવી રાખવા પક્ષાપક્ષીથી પર ઉઠી આપણે સૌ પ્રયાસ કરીએ. તેમણે પહેલા એજન્ડા પર અને પછી મળેલી દરખાસ્તો પર ચર્ચા કરાશે તેમ પણ જાહેરાત કરી હતી.

કોંગી સભ્ય હસમુખ મકવાણાએ જણાવ્યુ હતુ કે પૂરો સમય આપજો અધવચ્ચે અટકાવતા નહિ. આ પછી મેયરે કહ્યુ હતુ કે સૌને ચર્ચા માટે પુરતો સમય અપાશે પણ સભ્યોએ તેમની મર્યાદા અને સન્માન જળવાઈ રહે તે જોવાનું રહેશે.

## મેં દરખાસ્ત નથી કરી પણ વિસંગતતા અંગે પત્ર લખ્યો હતો : મનુભાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકામાં ભરતી-બઢતીમાં વિસંગતતા અંગે દરખાસ્ત રજુ કરનાર મનુભાઈ પટેલે આજે ફેરવી તોળતાં કહ્યુ હતુ કે તેમણે આવી કોઈ દરખાસ્ત આપી જ નથી. હા આ મુદ્દે લોકમાનસમાં જે છબી તંત્રની ખરડાઈ હતી તે બાબતે મેં પત્ર જરૂર લખ્યો છે. સામાન્યસભાની બેઠક બાદ પત્રકારો સાથેની અવિધિસરની વાતચીતમાં પટેલે જણાવ્યુ હતુ કે મેં પત્ર લખ્યો અને પછી તંત્ર દ્વારા જે ખુલાસા મને અપાયા છે તેનાથી હું સંપૂર્ણ સંતુષ્ટ છુ. તેમણે એવી પણ વાત કહી કે સેકટરોની આંતરિક સફાઈ ૧લી જુલાઈથી તબક્કાવાર હાથ ધરવામાં આવશે તેવી કમિશ્નર કચેરી દ્વારા મને જણાવવામાં આવ્યુ છે અને તમે તેનો અમલ થતો જોઈ શકશો.

## રાજ્યસભાની બે બેઠકોની પેટા ચૂંટણી માટે આજે બે જાહેરનામા પ્રસિદ્ધ થશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં રાજ્યસભાની બે બેઠકોની યોજાનારી પેટા-ચૂંટણી અંગે આજે બન્ને બેઠકોના અલગ-અલગ જાહેરનામા પ્રસિદ્ધ કરાશે.

બન્ને બેઠકોના અલગ અલગ જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં ભાજપની રાજકીય મુત્સદીગીરીએ વિજય પ્રાપ્ત કર્યો છે. જોકે આ મુદ્દે કાનૂની લડાઈ આપવા પ્રદેશ કોંગ્રેસના નેતાઓ દિલ્હી પહોંચ્યા છે અને સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

આજે આ બે બેઠકોની પેટા-ચૂંટણી અંગેના જાહેનામા પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. જે ૨૫મી જુન સુધી ચાલશે. ૨૬મીએ ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે જ્યારે ૨૮મીએ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની અંતિમ તારીખ રહેશે. મતદાન જરૂરી બનશે તો ૫મી જુલાઈએ તે સવારે ૯ થી ૪ દરમ્યાન યોજાશે અને તે જ દિવસે મતદાન પછી મતગણતરી હાથ ધરવામાં આવશે.

દરમ્યાન રાજ્યસભાની ચૂંટણી તેમજ વિધાનસભાના આવી રહેલા સત્રને પગલે ભાજપના ધારાસભ્યોની મંગળવારે વિધાનસભા ખાતે ખાસ બેઠક પણ યોજવામાં આવી છે જેમાં આ મુદ્દાઓને લઈ ચર્ચાઓ થશે.

બીજી તરફ કેન્દ્રના ગૃહમંત્રી અમીત શાહ પણ બે દિવસના રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે.

## આકાશમાં ગોરંભાયેલા કાળા ડીબાંગ વાદળો વરસ્યા નહીં

**મોરના ટહુકાર અને સુસવાટા મારતા પવન સાથે આકાશી નઝારો બદલાયો દિવસના ઉકળાટના અંતે સાંજના વાતાવરણમાં અચાનક જ પલ્ટો આવ્યો : વરસાદની હાથતાળી**

ગાંધીનગર તા ૧૭

વાયુ વાવાઝોડુ ફંટાઇ ગયુ પરંતુ શહેરમાં હજુ વરસાદી વાયરો રોજબરોજ અનુભવાય છે. છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજા



રોજબરોજ છાંટણા વરસાવી જાય છે.કયારેક હળવા વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં પાણીના ખાબોચિયા ભરાઈ જાય છે. આજે પણ સાંજના સમયે અચાનક જ આકાશી નઝારો બદલાયો હતો. સુસવાટા મારતા પવન સાથે પલવારમાં જ વરસાદી છાંટણા વરસ્યા હતા. પરંતુ ગોરંભાયેલા વાદળો મન મુકીને વરસ્યા ન હતા. થાડીવારમાં જ આકાશ ચોખ્ખુ થઈ ગયુ હતુ. જો કે જિલ્લામાં નારદીપુર પેથાપુર સહીતના વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. દિવસ દરમિયાન બફારનુ પ્રમાણ યથાવત રહ્યુ હતુ.

ગાંધીનગરમાં મોસમનો મિજાજ ગમે ત્યારે બદલાય છે. વાયુ વાવાઝોડાની અસર બાદ સતત ત્રીજા દિવસે પણ આજે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. સાંજના સમયે અચાનક જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. સુસવાટા મારતા પવન વચ્ચે વરસાદી છાંટણા પડયા હતા. પરંતુ પવનનુ જોર વધુ હોવાથી

● અનુસંધાન પાન-૭ પર

## આરટીઓ કચેરીમાં ટેક્સ ચોરીનુ લાખોનુ કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાનુ ચર્ચા સ્થાને

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ટેક્સ ચોરીનુ મોટુ કૌભોંડ આચરવામાં આવ્યુ હોવાનો મામલો ચર્ચાસ્થાને છે. ઈમ્પાર્ટેડ કાર્સને ભારતીય હોવાનુ ખપાવીને ઓછો ટેક્સ ભરાયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ રીતે ટેકસ ચોરીમાં ૫૦ લાખનુ મોટુમસ કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે. જયારે ટેકસની રકમ પણ સરકારમાં જમા ન કરાવી હોવાની વાત પણ ચર્ચાઈ રહી છે. ત્યારે આ મુદ્દે યોગ્ય તપાસ થાય તો સત્ય બહાર આવે તેવી લાગણી પણ આર ટી ઓ વર્તુળમાં પ્રબળ બની છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં છેલ્લા ચાર પાંચ દિવસથી વાહનોની ટેક્સ ચોરીનુ કૌભાંડ ચર્ચાની એરણે છે. ઈમ્પોર્ટેડ કાર્સને ઈન્ડિયનમાં ખપાવી ટેકસની મોટી રકમ બારોબારો છેદ ઉડાડી દેવાયો હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. અંદાજિત રૂ ૫૦ લાખનુ કૌભાંડ થયુ હોવાનુ પણ આર ટી ઓ કચેરીમાં ચર્ચા સ્થાને છે. ઈમ્પોર્ટેડ

**ઇમ્પોર્ટેડ કાર્સનો ઇન્ડિયનમાં ખપાવી ટેક્સ ચોરી કરાઇ : યોગ્ય તપાસ થાય તેવો સુર : આર ટી ઓ કચેરીના વર્તુળમાં તરેહ તરેહના તર્ક વિતર્ક સાથે ચર્ચા**

કાર્સને ભારતીય કારમાં ખપાવીને ઓછો ટેકસ ચુકવવામાં આવી રહ્યો છે. ભારતીય કાર કરતા ઈમ્પોર્ટેડ કાર્સમાં ત્રણ થી ચાર ઘણો ટેક્સ વધુ ભરવાનો થાય છે .ત્યારે આ મામલે મોટી ગડમથલ કરવામાં આવતી હોવાનો ગણગણાટ છે. અત્યાર સુધી ૨૦ જેટલી ગાડીઓમાં આ કૌભાંડ થયુ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. જયારે કેટલીક કારમાં ટેકસની પહોંચ ફાડયા બાદ પૈસા સરકારમાં જમા

● અનુસંધાન પાન-૭ પર

## ઈસનપુર મોટીના જમીનની અદાવતના હુમલામાં એકને ૪ વર્ષની કેદ

**આ કેસના અન્ય એક આરોપીને પણ અઢી વર્ષની કેદની સજા : ઇજાગ્રસ્તને વળતર ચુકવવા પણ આદેશ**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર ગામની સીમમાં પાંચ ઈસમોએ ભેગા મળીને જમીનના ભાગ બાબતે અદાવત રાખીને એક વ્યકિત પર હુમલો કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે એક આરોપીને ૪ વર્ષની કેદની સજા તેમજ અન્ય એક આરોપીને અઢી વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૨૭ એપ્રિલ વર્ષ ૨૦૧૭ ના રોજ ગાંધીનગર જિલ્લાના ઈસનપુર ગામની સીમમાં આરોપી સુરેશ ઉર્ફે બકાભાઈ, પ્રહલાદ સમાભાઈ પટેલ,હીનાબેન સંજયભાઈ પટેલ,

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com